( બાંધકામ વાપરવાની પરવાનગી અંગે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ બાંહેધરી.)

આથી અમો બાંહેધરી આપનાર , નીચે સહી કરનાર મ ાલિકોશ્રી ______________________________
_____________________________________________________________________________________
_____________________________________________________________________________________
ધર્મે______________ધંધો___________ઉમર__________રહેવાસી____________________________________________
_____________________________________________________________________________________
_____________ , નીચે વર્ણવેલ જમીનમાં અમોએ નીચે દર્શાવેલ કેસ નંબર/ રજા ચિઠ્ઠી નંબરથી બાંધકામના પ્લાન મંજુર કરાવેલ છે. જે વર્ણવેલ જમીનના અમો માલિક/ કબજેદાર છીએ.

સંદર્ભ/રેફ.કેસ નંબર______________________________________________________________

રજા ચિઠ્ઠી નંબર____________________________________________________ રજા ચિઠ્ઠી તા.|__________________

**Description of Land :**

TPS No & Name : ______________________________________________________________________

Final Plot No : ___________________________________SP No:________Block No:________ Tenement No:____________

Moje/ Revenue Village: _____________________________Revenue Survey No:___________________________________

Revenue Block No: _____________________________________________ Plot No: ________________________________

Gamtal:____________________________Sheet No:_________ City Survey No:_________________________ ___________

Other:__________________________________Taluka:__________________ District: Ahmedabad/___________________

Name of Building: ____________________________________________________________________

Address of Building:__________________________________________________________________

Opp:__________________________________________________Near:___________________________________________

Locality:________________________________________________________Ahmedabad, PIN:_________________________

Building unit/Land Admeasuring:__________________Sqmt in area

ઉપરોક્ત રેફ નંબરથી વર્ણવેલ જમીનમાં અમોએ ઉપરોકત રજાચિઠ્ઠીમાં દર્શાવ્યા મુજબના બાંધકામ અંગેની પરવાનગી મેળવી સ્થળે મંજુર થયેલ બિલ્ટઅપ એરીયાની મર્યાદામાં નીતિ નિયમાનુસારનું બાંધકામ પુર્ણ કરેલ છે. સદરહુ બાંધકામની વાપરવાની પરવાનગી (બીયુ પરમિશન/ઓક્યુપન્સી સર્ટી) મેળવવા માટેની અરજી અનુસંધાને નીચે દર્શાવેલ મુદ્દાઓ પરત્વે લેખીતમાં બાંહેધરી આપીએ છીએ કે,

**(૧) બાંધકામ પૂર્ણ થયા અંગેની બાંહેધરી :**

આથી અમો નીચે સહી કરનાર સોગંધપૂર્વક બાંહેધરી આપીએ છીએ કે ઉપરોકત સંદર્ભિત વિકાસ પરવાનગી અંગેનું બાંધકામ સંપૂર્ણપણે તમામ તબક્કાઓ સાથે પૂર્ણ થયેલ છે. તેમજ બાંધકામ વપરાશ પરવાનગી મેળવવા અંગેના નિરીક્ષણની પાત્રતા ધરાવે છે.

ઉપરોકત સંદર્ભિત વિકાસ પરવાનગી અંગેનું અમારૂ બાંધકામ જો વપરાશ પરવાનગી મેળવવાની અરજી કરવાને પાત્ર નહીં થતુ હોય અથવા અપૂર્ણ જણાશે તો અમો વહીવટી ચાર્જ પેટે અ.મ્યુ.કોમાં રૂ. ___________(અંકે રૂપિયા ____________________________________) જમા કરવા બંધાયેલ છીએ. તેની બાંહેધરી આપીએ છીએ.

(૨) **<u>સ્થળ નજીક અમદાવાદ મ્યુ કોર્પોરેશનની પાણીની લાઈન ન હોય ત્યારે વોટર મીટર અંગેની બાંહેધરી:</u>**

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે સદરહુ સ્થળે બાંધકામ સંપૂર્ણપણે પૂર્ણ કરેલ છે અને હાલ બી.યુ. પરમીશન મેળવવા માટે અરજી કરેલ છે. જેમાં પાણીના મીટર (વોટર મીટર) મેળવવાની કામગીરી બાબતે અમો બાહેંધરી આપીએ છીએ કે અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર ખાતે તપાસ કરતા હાલમાં સદરહુ સ્થળ નજીક અ.મ્યુ.કો.ની પાણીની લાઈન ના હોઈ અમો પાણીનું કનેક્શન મેળવી શકેલ નથી. જેથી ભવિષ્યમાં જયારે પણ આ સ્થળે પાણીની લાઈન મળશે ત્યારે પાણીનું કનેક્શન મેળવી, પાણી કનેક્શન તથા પાણીના મીટર (વોટર મીટર) અંગે નિયમ અનુસાર જમા કરવાની થતી રકમ અ.મ્યુ.કો.માં જમા કરવા તથા અ.મ્યુ.કોના નીતિ-નિયમાનુસારના વોટરમીટર , સ્થળે અ.મ્યુ.કો પાણીની લાઈનમાંથી અમોને અપાતા કનેકશન સાથે ઈન્સ્ટોલેશન કરવા દેવા અમો તથા અમારા સભ્યો અને એસોસિએશન બંધાયેલ છીએ અને જે તે સમયે આ બાબતે અમો તથા અમારા સભ્યો અને એસોસિએશન કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર કરીશું નહિ તેવી બાહેંધરી આપીએ છીએ.

(૩) **<u>સ્થળ નજીક અમદાવાદ મ્યુ કોર્પોરેશનની પાણીની લાઈન હયાત છે ત્યારે વોટરમીટર અંગેની બાંહેધરી:</u>**

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે સદરહુ સ્થળે બાંધકામ સંપૂર્ણપણે પૂર્ણ કરેલ છે અને હાલ બી.યુ. પરમીશન મેળવવા માટે અરજી કરેલ છે. જેમાં પાણીના મીટર (વોટર મીટર) મેળવવાની કામગીરી બાબતે અમો બાહેંધરી આપીએ છીએ કે અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર ખાતે તપાસ કરતા હાલમાં સદરહુ સ્થળ નજીક અ.મ્યુ.કો.ની પાણીની લાઈન આવેલી હોઈ, અમો પાણીનું કાયદેસરનું કનેક્શન મેળવીશું. તેમજ પાણીના કનેક્શન અને પાણીના મીટર (વોટર મીટર) અંગે નિયમ અનુસાર જમા કરવાની થતી રકમ અ.મ્યુ.કો.માં જમા કરવા તથા અ.મ્યુ.કોના નીતિ-નિયમાનુસારના વોટરમીટર, સ્થળે અ.મ્યુ.કો પાણીની લાઈનમાંથી અમોને અપાતા કનેકશન સાથે ઈન્સ્ટોલેશન કરવા દેવા અમો તથા અમારા સભ્યો અને એસોસિએશન બંધાયેલ છીએ અને જે તે સમયે આ બાબતે અમો તથા અમારા સભ્યો અને એસોસિએશન કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર કરીશું નહિ તેવી બાહેંધરી આપીએ છીએ.

(૪) <u>સર્વીસ સોસાયટી કરાવી લઈશું તે અંગેની બાંહેધરી :</u>

આથી અમો નીચે સહી કરનાર સોગંધપૂર્વક બાંહેધરી આપીએ છીએ કે ઉપરોક્ત વર્ણવેલ જુની શરતની વાણીજ્ય/તથા રહેણાંક હેતુ જમીનના માલીક છીએ.સદર બિલ્ડીંગયુનીટ/પ્લોટમાં અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્લાન મંજુર કરાવીને બાંધકામ પૂર્ણ કરેલ છે.સદર બિલ્ડીંગયુનીટ/પ્લોટમાં વપરાશનું પ્રમાણપત્ર મેળવવાની અરજી સાથે સર્વિસ સોસાયટીનું પ્રમાણપત્ર આપવાનું હોય છે. અમોએ સર્વીસ સોસાયટી બનાવવા માટે તા.______________ ના રોજ મે.જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (હાઉસીંગ) અમદાવાદને અરજી કરેલ ________________________________________________________સોસાયટીને ગ્રાહ્ય રાખી વપરાશનું પ્રમાણપત્ર મેળવવાની અરજી સ્વીકારવા વિનંતી છે.

વધુમાં અમોએ સદરહુ જીલ્લા રજીસ્ટ્રારશ્રી , સહકારી મંડળીઓ (અમદાવાદ શહેર)ને કરેલ અરજી અનુસંધાને સર્વિસ સોસાયટીનું પ્રમાણપત્ર તાકીદે મેળવી લઈશું તેમજ અમો સોસાયટીને તમામ વહીવટ સોંપી દઈશું તથા જ્યાં સુધી સર્વીસ સોસાયટીનું પ્રમાણપત્ર ન મળે ત્યાં સુધી અમો ________________________________________________________સોસાયટીનો વહીવટ તથા મેઈન્ટેનન્સની જવાબદારી લઈશું ,તેની લેખીત બાંહેધરી આપીએ છીએ.ઉકત સમય દરમ્યાન થયેલ સભ્યો સાથે વહીવટ અને મેઈન્ટેનન્સ સંબંધિત કોઈ પ્રશ્ન , મુશ્કેલી કે કોર્ટ લીટીગેશનની બાબત ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી અમારી પોતાની રહેશે , અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈપણ જવાબદારી રહેશે નહીં અને ઉકત બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જે પણ પગલાં લેશે તે અમોને , લાગતા વળગતા સર્વેને બંધનકર્તા રહેશે . જેની અમો લેખિત બાંહેધરી આપીએ છીએ.

(૫) <u>અમદાવાદ મ્યુ.કોર્પોને કપાત મળેલ જમીન અંગે- અમદાવાદ મ્યુ.કોર્પો.નું નામ/ રેવન્યુ રેકર્ડ/ગામ નમુના નં.૭ માં દાખલ કરવા અંગેની બાંહેધરી</u> :

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે , ઉપરોક્ત સંદર્ભિત બાંધકામવાળી જમીનમાં અ.મ્યુ.કોની કપાત બાદ અમોને મળતી ખાનગી માલિકીના ક્ષેત્રફળ મુજબની જમીનમાં રેવન્યુ રેકર્ડ/ગામ નમુના નં ૭/સીટી સર્વે રેકર્ડમાં અમારા માલીકી હક્ક/ નામો તથા ક્ષેત્રફળની વિગતો સરકારી રેકર્ડમાં દાખલ કરાવેલ છે. જ્યારે રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબર વિગેરેમાંથી બાકી રહેતી ટી.પી. કપાત જમીન/અ.મ્યુ.કોને ફાળવેલ જમીનમાં અમારો કોઈ હક્ક હિસ્સો રહેતો નથી. તેમાં ટી.પી કપાત જમીન/અ.મ્યુ.કોનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોય /દાખલ થાય કે અ.મુ.કો તેનું નામ દાખલ કરાવે તો તેમાં

અમારો કોઈ વાંધો નથી.તેમજ આ બાબતે અમારી/ અમારા વંશ-વાલી-વારસો વિગેરે તમામની સંમતિ હોઈ , કોઈ પણ પ્રકારની તકરાર, વાંધા, અંતરાય/દાવાદુવી-કોર્ટમેટર કરીશું નહીં. તેની અમો બાંહેધરી આપીએ છીએ.

(૬) <u>સાફસફાઈ કરાવવા અંગેની બાંહેધરી</u> :

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે , ઉપરોકત સંદર્ભિત બાંધકામ તથા બાંધકામને સંલગ્ન આસપાસની અમારી ખુલ્લી જમીનમાં નિયમિત સાફસફાઈ કરીશું /કરાવીશું. તથા સાફસફાઈ અંગે સફાઈ કામદાર/ સફાઈ એજન્સીની નિમણુંક કરી કાયમી ધોરણે સફાઈ કરાવીશું. તેની અમો બાંહેધરી આપીએ છીએ.

(૭) <u>બિલ્ડીંગ ઈન્સ્યોરન્સ અંગેની બાંહેધરી :</u>

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે ઉપરોક્ત વર્ણવેલ જમીનના અમો માલીક તથા ડેવલોપર્સ છીએ. સદરહુ જગ્યામાં અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નીતિ નિયમ મુજબ બાંધકામના પ્લાન મંજુર કરાવી, સ્થળે બાંધકામ પૂર્ણ કરેલ છે. અને સદર બાંધકામનું વપરાશનું પ્રમાણપત્ર મેળવવા આપના વિભાગે અરજી કરેલ છે. કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આરની જોગવાઈ અનુસાર ______ વર્ષનો બિલ્ડીંગ ઈન્સ્યોરન્સ રજુ કરવાનો થાય છે. પરંતુ મંજુર થયેલ ઉપયોગ તથા ઊંચાઈ અંગેના બિલ્ડીંગ બાબતે કોઈપણ ઈન્સ્યોરન્સ કંપની એકી સાથે ______ વર્ષ નો બિલ્ડીંગ ઈન્સ્યોરન્સ આપતી ના હોવાથી હાલે અમોએ એક વર્ષનો ઈન્સ્યોરન્સ મેળવી રજુ કરેલ છે. પરંતુ અમો અમારા બિલ્ડીંગ ઈન્સ્યોરન્સ કંપનીના નિતીનિયમો અનુસાર દર વર્ષે, |_____વર્ષ સુધી બિલ્ડીંગનો ઈન્સ્યોરન્સ (મકાનનો વિમો) રીન્યુ કરાવી દઈશુ. તેની અમો બાંહેધરી આપીએ છીએ.

(૮) <u>ફાયર પ્રોટેકશન કન્સલ્ટન્ટ નીમવા અંગેની બાંહેધરી :</u>

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે ઉપરોકત વર્ણવેલ જમીનના અમો માલિક/ડેવલોપર્સ છીએ. સદરહુ જગ્યામાં અમોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નીતિનિયમો મુજબના બાંધકામના પ્લાન મંજૂર કરાવી સ્થળે બાંધકામ પૂર્ણ કરેલ છે અને સદર બાંધકામનું વપરાશનું પ્રમાણપત્ર મેળવવા આપના વિભાગે અરજી કરેલ છે. સીજીડીસીઆરની જોગવાઈ અનુસાર અમોએ ફાયર "પ્રોટેકશન કન્સલ્ટન્ટ " ફાયરમેનની નિમણૂંક કરવાની થાય છે . પરંતુ હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર પ્રોટેકશન કન્સલ્ટન્ટ/ફાયરમેનનું રજીસ્ટ્રેશન કરવામાં આવતુ નથી. પરંતુ ભવિષ્યમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર પ્રોટેકશન કન્સલ્ટન્ટ/ફાયરમેનનું રજીસ્ટ્રેશન આપવામાં આવશે તે વખતે અમો અમારા બિલ્ડીંગમાં તેમની નિમણૂંક કરી દઈશું. તેની અમો બાંહેધરી આપીએ છીએ.

(૯) <u>લોકલ એરીયા પ્લાન અનુસંધાને બાંહેધરી :</u>

આથી અમો નીચે સહી કરનાર સોગંધપુર્વક બાંહેધરી આપીએ છીએ કે ઉપરોકત સંદર્ભિત બાંધકામવાળી જમીનમાં લોકલ એરિયા પ્લાનના અનુસંધાનની મંજુરી સમયે પ્લાનમાં દર્શાવેલ તથા ત્યારબાદની તમામ જોગવાઈઓનું પ્રોવીઝન સ્થળે કરેલ છે. તેમજ લોકલ એરિયા પ્લાન ફાયનલ થતાં જે કંઈ ફેરફાર/સુધારા વધારા થાય તે મુજબનું સ્થળે પ્રોવીઝન કરી આપીશું તેની બાંહેધરી આપીએ છીએ.

**(10) <u>Declaration of Lift, Fire System, Tree Plantation & Percolation well & Infrastructure facilities.</u>**

* I/We hereby declare as under :-

1. That *I/We have Completed the construction as per sanctioned plan.
2. That*I/We have made proper arrangements for regular maintenance of lifts required in the building throughout the life span of the Building as per the provisions of National Building Code and prevailing comprehensive General Development Control Regulation/( CGDCR-2017.)
3. That *I/We have made proper arrangements for regular maintenance of fire protection service throughout the lifespan of the building as per the provisions of National Building Code and prevailing comprehensive General Development Control Regulations/( CGDCR-2017.)
4. That *I/We have planted ______Nos. of trees guarded by the tree guards as per the provisions of prevailing comprehensive General Development Control Regulations and shall be maintained throughout the life span of the building.
5. That *I/We have made proper arrangements for regular maintenance of percolation pit/percolation well with rain water harvesting system throughout the life span of the building.
6. That * I/We have provided all the infrastructure facilities for the aforesaid building unit as per provisions of prevailing comprehensive General Development Control Regulations.

**(11) Land in Draft Town Planning Scheme:**

1. That * I/We will vacate the land which have been allocated for road and OR public purpose as per Final Town Planning Scheme at my/our cost.
2. That * I/We will demolish the construction over the aforesaid land which is not permissible in the said final plot @*my/our cost without court litigation for the same.
3. That * I/We will be fully responsible for the approach of *my/our said plot till the finalization of the Town planning Scheme.
4. That * I/We will fully cooperate the Competent Authority for execution of the Town Planning Scheme and vacate the *my/our land or part thereof for the owner as per the final Scheme.
5. That * I/We will apply for the modification of Building Use Permission if already granted by the Competent Authority and use the said building after receiving the such modified permission.

તદઉપરાંત સદરહુ બાંધકામની વિકાસ પરવાનગી સમયે આપેલ તમામ બાંહેધરી અમોને બંધનકર્તા રહેશે.

આ બાંહેધરી અમારા વંશ,વાલી,વારસો,મેમ્બરો,એડમીનીસ્ટ્રેટરો,વેચાણથી લેનાર લાગતા વળગતા તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત બાંહેધરી અનુક્રમ નંબર_______________________________________________ માટે આપેલ છે.

ફોટો

-----------------------------------------------

|

તારીખ : જમીન માલિક/ઓથોરાઈઝડ સીગ્નેચરીની સહી ,ફોટો તથા આઈડીપ્રુફ સાથે

સ્થળ : અમદાવાદ તથા ડેવલપર હોયતો તેના સહી ,ફોટો તથા આઈડીપ્રુફ સાથે

Note : * strike out whichever is not applicable.

ઉપરોકત બાબતે અમારી સંમતિ છે.

રજીસ્ટર્ડ એન્જીનીયર/આર્કીટેક્ટના સહી સીક્કા